# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૯/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં ટેક્ષ્ટાઇલ કમિશનર શ્રી મોલોય ચક્રબોર્તિ અને ઉદ્યોગપતિઓ વચ્ચે ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ફેડરેશન ઓફ ઇન્ડીયન સિન્થેટીક ટેક્ષ્ટાઇલના સંયુકત ઉપક્રમે શનિવારે, તા. ૯ નવેમ્બર ૨૦૧૯ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે ભારત સરકારના ટેક્ષ્ટાઇલ કમિશનરેટ મુંબઇ ખાતે ટેક્ષ્ટાઇલ કમિશનરનો એડીશનલ ચાર્જ સંભાળી રહેલા શ્રી મોલોય ચંદન ચક્રબોર્તી સાથે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શ્રી મોલોય ચંદન ચક્રબોર્તીની સાથે ટેક્ષ્ટાઇલ કમિશનરેટ અમદાવાદ ખાતેના રિજનલ ડાયરેકટર શ્રી સૌરભકુમાર સિન્હા પણ ઉપસ્થિત રહયા હતા. આ સેશનમાં ઉદ્યોગપતિઓ અને વેપારીઓ સાથે સુરતમાં ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે ટેક્ષ્ટાઇલ કલસ્ટર અને એપેરેલ પાર્ક, ટફ સંબંધિત પેન્ડીગ કેસો, યુનિટ્સ દ્વારા કવેરીના ડીલે થતા પ્રશ્નો અને લેન્ડીગ એજન્સીઓ દ્વારા અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ્સ વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સરકાર રૂપિયા ૫૦થી ૬૦ હજાર કરોડનું ઇન્વેસ્ટમેન્ટ કરે ત્યારે આશરે ૧૦થી ૧૫ લાખ લોકોને રોજગારી આપી શકાતી હોય છે. જયારે સુરતમાં ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઇન્ડસ્ટ્રી ડાયરેકટ અને ઇનડાયરેકટ આશરે ૩૦થી ૩૫ લાખ લોકોને રોજગાર પુરો પાડી રહી છે. આથી સરકારે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના વિવિધ પ્રશ્નોને ગંભીરતાથી લઇને વહેલી તકે તેનું નિરાકરણ લાવવુ જોઇએ. જીએસટીમાં લેપ્સને કારણે વર્કીંગ કેપીટલ બ્લોક થઇ ગઇ છે. આથી બેંકમાંથી ફાયનાન્સ મળતુ ન હોવાથી વેપારીઓ મુશ્કેલીનો સામનો કરી રહયાં છે.

ઉદ્યોગપતિ શ્રી ગિરીશ લુથરાએ જણાવ્યુ હતુ કે, જાપાન નાના વેપારીઓને પ્રમોટ કરીને મોટો બિઝનેસ કરી શકયુ છે ત્યારે ભારતમાં પણ આવુ કરી શકાય છે. જેથી કરીને ભારત ગ્લોબલ માર્કેટમાં અન્ય દેશોની સામે ટકી શકે. ટેકનીકલ ટેક્ષ્ટાઇલમાં સારી પ્રોડકટ્સ બનાવી શકાય છે. ફાયનાન્શીયલ મોડલીગ ઉપર કામ કરી શકાય છે. તેમણે ટેક્ષ્ટાઇલ કમિશનર સમક્ષ સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીનું ઝીણવટભર્યુ પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યુ હતુ.

શ્રી મોલોય ચંદન ચક્રબોર્તીએ ઉદ્યોગપતિઓ અને વેપારીઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ કમિશનર તરીકેનો એડીશનલ ચાર્જ સંભાળ્યા બાદ કરેલા અભ્યાસમાં જાણવા મળ્યુ હતુ કે ટફના ૪૦થી ૪૫ ટકા કેસ ગુજરાતના હતા. એમાં પણ મોટાભાગના કેસો સુરતના હોવાથી ગ્રાઉન્ડ લેવલથી પ્રશ્નોને સમજવા માટે સુરત આવ્યો છુ. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં પેશનેટ, વાઇબ્રન્ટ અને ચેલેન્જીસને ફેસ કરવાની ક્ષમતા ધરાવતા આંત્રપ્રિન્યોર્સ અને સ્ટાર્ટઅપ્સને પ્રમોટ કરવાનો પ્રયાસ કરી રહયાં છે. ટફના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયાસ કરીશું. એટફ, આરટફ કે આરઆરટફની સ્કીમનો યોગ્ય ઉપયોગ માટે વિભાગ દ્વારા સ્ટ્રીકટ થઇને કામ કરવામાં આવે છે. તેમ છતાં વિભાગ ઉદ્યોગપતિ અને વેપારીઓને બધી રીતે સપોર્ટ કરવાનો પ્રયાસ કરી રહયુ છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, યાર્ન બેંકનું ફંકશનીગ ઘણુ સારુ છે. ગુજરાતમાં ધંધો સારો ચાલે છે અને એ વધારે સારો થાય તે માટે પ્રયાસ કરીશું. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં પ્રોસ્પરીટી ગ્રોથ જળવાઇ રહે તે માટે પ્રયાસ કરવામાં આવશે. તેમણે બધાને ટેક્ષ્ટાઇલ કમિશનરની વેબસાઇટ જોવા માટે અપીલ કરી હતી. કારણ કે વિભાગ દ્વારા ટફ સ્કીમના ક્રિટીકલ ઇશ્યુઝને કલેરીફાય કરીને સર્કયુલર બહાર પાડવામાં આવી રહયાં છે અને આ બધા સર્કયુલર અને નવા નોટીફિકેશન તેમજ નિર્ણયો વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે. ઉદ્યોગપતિઓ અને વેપારીઓની ટફની દરેક ફાઇલનું અપડેશન પણ દર અઠવાડીયે વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે.

શ્રી સૌરભકુમાર સિન્હાએ જણાવ્યુ હતુ કે, ટફ સંબંધિત ઇશ્યુ આગામી તા. ૩૦ નવેમ્બર સુધી ડીલે કરવામાં આવ્યા છે. આ અંગેનું નોટીફિકેશન વેબસાઇટ ઉપર મુકવામાં આવ્યુ છે અને મોટાભાગની બધી બેંકોને મોકલી પણ આપ્યુ છે. યુનિટ ઇશ્યુ અંગે લેખિતમાં સપોર્ટ કરવાનો તેમણે વેપારીઓને અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત ઇન્સ્પેકશન સંબંધિત મુદ્દાઓ પણ વેબસાઇટ ઉપર નાંખ્યા હોવાનું તેમણે જણાવ્યુ હતુ. તેમણે વધુમાં કહયુ કે, ટફની સ્કીમમાં કવેરીઝ માટે વિભાગ તરફથી લેટર મળવાની રાહ ન જુઓ અને લોગીન આઇડી ઓપન કરીને રિપ્લાય કરી કવેરીઝ સોલ્વ કરો.

આ સેશનમાં ફિયાસ્વીના ચેરમેન શ્રી ભરત ગાંધીએ રજૂઆત કરી હતી કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના પેન્ડીગ ઇશ્યુ ડીલે થવાને કારણે વેપારીઓની સમસ્યા વધી રહી છે. આથી ટફની સમસ્યાઓનો વહેલી તકે નિકાલ કરવો જોઇએ. જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ જણાવ્યુ હતુ કે ભારતમાં વિયેતનામ, બાંગ્લાદેશ, કમ્બોડીયા અને શ્રીલંકામાંથી ગારમેન્ટ ઇમ્પોર્ટ થઇ રહયુ છે. ભારતે આશિયાન દેશોને બદલે યુરોપ અને યુ.એસ. સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવો જોઇએ. આશિયાન દેશોમાંથી થતા ઇમ્પોર્ટને ઘટાડવા અને ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ધ્યાન આપવામાં આવે.

ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ રજૂઆત કરી હતી કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીના મોર્ડનાઇઝેશનમાં ટફની સબસિડી ઓછી મળી રહી છે. અગાઉ આ સબસિડી ૩૦ ટકા મળતી હતી. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં નાના વેપારીઓને આગળ લાવવા માટે ટફની સબસિડી ૧૦ ટકાથી વધારીને ૩૦ ટકા કરવામાં આવવી જોઇએ.

એસઆરટીઇપીસીના ભુતપુર્વ ચેરમેન શ્રી શ્રીનારાયણ અગ્રવાલે રજૂઆત કરી હતી કે કેપીટલ મશીનરી ગુડ્ઝ ઉપર ૧૮ ટકા જીએસટી દર લાગે છે અને એમાં પણ રીફંડ મળતુ ન હોવાને કારણે વેપારીઓ પ્રેરાતા નથી. આ ઉપરાંત ઇન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચર આજે પણ ચાલુ હોવાથી પ્રોડકટ કોસ્ટ વધી જાય છે.

શ્રી ધીરુભાઇ શાહે રજૂઆત કરી હતી કે નવી ઔદ્યોગિક પોલિસીમાં ઇન્ડસ્ટ્રીના પણ સૂચનોને ધ્યાનમાં લેવામાં આવે. ભારતમાં પ્રોડકશન કોસ્ટ વધારે હોવાથી અન્ય દેશો સામે ટકવા માટે સરકારે ઇન્ડસ્ટ્રીને મદદ કરવી જોઇએ. નીટિંગ એસોસિએશનમાંથી શ્રી બ્રિજેશ ગોંડલીયાએ રજૂઆત કરી હતી કે, નીટિંગ ઇન્ડસ્ટ્રીમાં ટફ સંબંધિત ટેકનીકલ ઇશ્યુ ઘણા બધા છે તે બધાનું વહેલી તકે નિરાકરણ થવુ જોઇએ.

શ્રી મયુર ગોળવાલાએ ટેક્ષ્ટાઇલ કમિશનરની ઓફિસ સુરતમાં પણ આપવામાં આવે તેવી રજૂઆત કરી હતી. આઠ લૂમ્સથી વધુ લૂમ્સ ધરાવતા એકમોને પણ સોલાર પાવરલુમ અપગ્રેડેશન યોજનાનો લાભ આપવામાં આવે. કારણ કે સબસિડી મળશે તો પાવરલૂમ ઇન્ડસ્ટ્રીનો ગ્રોથ થશે. શ્રી નીતિન ભરૂચાએ જણાવ્યુ હતુ કે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને બચાવવા માટે સરકારે યોગ્ય દિશામાં પગલા લેવા જોઇએ.

સમગ્ર સેશનમાં ચેમ્બરની ટેક્ષ્ટાઇલ (વિવિંગ, નીટિંગ અને યાર્ન) કમિટીના ચેરમેન તેમજ પાંડેસરા વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી આશિષ ગુજરાતીએ પ્રાસંગિક વિધી કરી હતી.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ તેમજ વેડરોડ વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે ઇન્ડસ્ટ્રીને નડતા નાના–નાના હર્ડલ્સને દૂર કરવામાં આવે તો એક્ષ્પોર્ટ વધારવા માટે કોસ્ટીગ ઘટી શકે છે. અંતે તેમણે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.